





શતાબ્દી વર્ષ નિમિત્તે પૂ. વામદેવાનંદ સરસ્વતીની પાલખીના સમગ્ર ગુજરાતમાં ભાવિકોને દર્શન થાય તેવુ આયોજન કરવામાં આવ્યું છે. આજે સે. ૨૮ સ્થિત દત્ત મંદિર ખાતે પૂજનવિધિ કરવામાં આવી હતી. ભગવાન વામદેવાનંદ સરસ્વતીની ભાવિકોના ગરે મૂર્તિ પધરામણી કરી પૂજા-અર્ચના કરવામાં આવી હતી. (તસવીર : દિપક જાની)

# ચાલુ એક્ટીવાએ ઉતરી જઈને વાગ્દત્તાએ કેનાલમાં ઝંપલાવ્યું

## વાગ્દત્તાએ કેનાલ જોવા જવું છે કહેતા મંગેતરે એક્ટીવા લીંબડીયા કેનાલ તરફ વાળ્યુ : માસીના ઘરે જમીને વાગ્દતાને હિંમતનગર ઘરે મુકવા જઈ રહ્યો હતો : કેનાલમાં યુવતીનો મૃતદેહ શોધવાની કામગીરી ચાલુ

ગાંધીનગર, તા. ૨૨

ગાંધીનગર નજીક લીંબડીયા નર્મદા કેનાલ પાસે આજે ચર્ચાસ્પદ કિસ્સો બનવા પામ્યો હતો. વાગ્દતાને પિયર મુકવા મંગેતર એક્ટીવા પર જઈ રહ્યો હતો તે દરમ્યાન કેનાલ જોઈને વાગ્દત્તાએ કેનાલ જોવા જવાનો આગ્રહ કરતાં એક્ટીવા કેનાલ તરફ વાળ્યુ હતુ. એક્ટીવા ધીમુ કર્યુ તે જ વખતે ચાલુ વાહને યુવતી ઉતરી ગઈ અને ચપ્પલ કાઢીને સીધી કેનાલમાં કુદી ગઈ હતી. યુવતીએ આપઘાત કેમ કર્યો તે હજુ બહાર આવ્યુ નથી. પોલીસ તથા ફાયરબ્રિગેડની ટીમ કેનાલમાંથી યુવતીના મૃતદેહની શોધખોળ આરંભી છે. ડભોડા પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધીને ઉંડી તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર નડીયાદ ખાતે રહેતા સમીર અનિલભાઈ ત્રિવેદી નામના યુવાનની સગાઈ હિંમતનગર ખાતે રહેતી યુવતી કુંજલ કલ્પેશભાઈ જોષી સાથે થઈ હતી. બન્ને કપલ ખંભાત રહેતા માસીના ઘરે જમવા ગયા હતા. હજુ લગ્ન થયા ન હોવાથી ઘરે રોકાઈ શકાય તેમ હતુ નહી. જેથી કુંજલને હિંમતનગર ઘરે મુકવા માટે એક્ટીવા પર સમીર જઈ રહ્યો હતો.

સાંજના અરસામાં તેઓ લીંબડીયા કેનાલ રોડ તરફથી પસાર થયા ત્યારે કુંજલે તેણીના મંગેતર સમીરને કેનાલ જોવા જવાનું કહ્યુ હતુ. સમીરે એક્ટીવા ધીમુ કરીને કેનાલ તરફ વાળ્યુ તે દરમ્યાન કુંજલ ચાલુ એક્ટીવાએ ઉતરી ગઈ અને ચપ્પલ કાઢીને કેનાલ તરફ દોડી ગઈ હતી. સમીર એક્ટીવા સ્ટેન્ડ કરીને કાંઈ વિચારે તે પહેલા તો કુંજલે કેનાલમાં પડતુ મુકી દીધુ હતુ. પોલીસને આ સંદર્ભે જાણ થતા ડભોડા પીએસઆઈ એસ.પી. વાઘેલા ટીમ સાથે સ્થળ પર દોડી આવ્યા હતા. અને ફાયરબ્રિગેડની ટીમની મદદ લઈને કુદી જનાર યુવતીની શોધખોળ શરૂ કરી છે. ડભોડા પોલીસે સમગ્ર ઘટનાની હકીકત બહાર લાવવા સમીરની પુછપરછ શરૂ કરી છે.


# સળગેલા એ.ટી.એમ.ના રૂપિયા ચેક કરવા મુંબઈથી ટીમ આવશે

## ચિલોડા ખાતે બળીને ખાખ થઈ ગયેલા એસ.બી.આઈ.નાં એ.ટી.એમ. સેન્ટરના કેશ બોક્ષમાં રૂ. ૫.૦૯ લાખ પડયા હતા

ગાંધીનગર, તા.૨૨

ચિલોડા-સાદરા રોડ પર સ્થિત શિવમ કોમ્પ્લક્ષના એસ.બી.આઈ. એ.ટી.એમ. સેન્ટરમાં ગઈ કાલે લાગેલી ભયંકર આગમાં આખું સેન્ટર અને ફર્નીચર કોલસો બની ગયો હતો. આ એ.ટી.એમ.માં બેંકના રૂ. ૫.૦૯ લાખ રોકડા પડયા હતાં. ફાયરપ્રુફ કેશ બોક્ષમાં રૂપિયા સળગી ગયા છે કે નહીં તેની સ્થિતિ જાણવા માટે આવતી કાલે મુંબઈથી એસ.બી.આઈ.ના અધિકારીઓ આવશે તેમની હાજરીમાં કટર વડે બોક્ષ કાપીને રૂપિયાનું સ્ટેટસ ચેક કરવામાં આવશે.

શિવમ કોમ્પ્લેક્ષમાં સ્થિત એ.ટી.એમ. સેન્ટર સહિત ચાર દુકાનોમાં આગ ગઈ કાલે લાગવા પામી હતી. એ.ટી.એમ.ના એ.સી.માં શોર્ટ સર્કીટ થતા આગ દુર્ઘટના બની હોવાની વિગતો પ્રાથમિક તપાસમાં ખુલી છે જો કે એફએસએલના રીપોર્ટ આવ્યા બાદ સાચું કારણ બહાર આવશે. એ.ટી.એમ.માં રૂ. ૫.૦૯ લાખ રૂપિયા પડયા હતાં જે અંગે બેંક મેનેજરે કહ્યું છે કે કેશ બોક્ષ ફાયર પ્રુફ હોય છે જેથી કદાચ રૂપિયા બચી ગયા હશે. જેનું સ્ટેટસ જાણવા માટે ઓથોરીટી પાસેથી કેશ બોક્ષ કાપવા મંજુરી મેળવવામાં આવી હતી. આવતી કાલે શુક્રવારે સવારે ૧૧ વાગ્યાના અરસામાં એસ.બી.આઈ.ની મુંબઈની ટીમ ચિલોડા આવનાર છે તેમની હાજરીમાં ગેસ કટર વડે કેશ બોક્ષ કાપીને સ્ટેટસ ચેક કરવામાં આવશે ત્યાર બાદ રૂ. ૫.૦૯ લાખ બચી ગયા છે કે કેમ? તે ખબર પડશે.




(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર સિવિલમાં ૬ જગ્યાએ એલ.સી.ડી. ટી.વી. લગાવેલા છે. જેમાં તમામ વોર્ડને લગતી માહિતી અને બિમારી વિશેની જાણકારી દર્શાવવામાં આવશે. જે લગભગ ૧ મહિનામાં કાર્યરત થઈ જશે.

# મગોડી પાસે આઈ-૧૦ કારના ચાલકે ચાર પદયાત્રીઓને અડફેટે લીધા

## ૧૫ વર્ષની કિશોરીનું મૃત્યુ : એકની હાલત ગંભીર : ગાડી મુકીને ચાલક ભાગી ગયો

ગાંધીનગર, તા. ૨૨

માણસાથી પગપાળા સંઘ દશામાના દર્શન કરવા મીનાવાડા જઈ રહ્યો હતો. આજે વહેલી સવારે સંઘ મગોડી રોડ પર હતો તે દરમ્યાન બેફામ ગતિએ આવી રહેલી આઈ-૧૦ ગાડીના ચાલકે પદયાત્રીઓ પૈકી જ શ્રદ્ધાળુઓને અડફેટે લઈ લીધા હતા. જેમાં ૧૫ વર્ષની કિશોરીનું મૃત્યુ નિપજ્યુ હતુ. જ્યારે ત્રણ ઘાયલો પૈકી એકની હાલત ગંભીર જણાતા અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. ચિલોડા પોલીસે આઈ-૧૦ ચાલક વિરૂદ્ધ ગુનો નોંધી તેને શોધી કાઢવા ચક્રો ગતિમાન કર્યા છે. કારચાલક કાર મુકીને ફરાર થઈ ગયો છે.



માણસા તાલુકાના ચડાસણા ગામમાંથી એક પગપાળા સંઘ મીનાવાડા જવા નિકળ્યો હતો. સંઘના યાત્રીકો ગઈ રાત્રે સે. ૨૮ બગીચા પાસેના મહાકાળી મંદિરે રોકાયા હતા અને વહેલી સવારે નીકળી ગયા હતા. સવારે સંઘ ચિલોડા-દહેગામ રોડ પરના મગોડી પુલ પાસે પહોંચ્યો ત્યારે ચારેક યાત્રીકો થાકી ગયેલા હોવાથી પાછળ રહી ગયા હતા. આ રોડ પર સડસડાટ નીકળેલી આઈ-૧૦ ગાડી નં. જીજે-૧૮-એ.એચ.૪૩૩૯ એ પાછળ રહી ગયેલા ચારેય પદયાત્રીઓને કારની અડફેટે લઈ લેતા ચારેયને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જેમાં ૧૫ વર્ષની ભાવના ઉર્ફે ગલી ભીમાજી ઠાકોરનું સારવાર દરમ્યાન મૃત્યુ નિપજ્યું હતું. જ્યારે અશોકભાઈ ભલાજી ઠાકોર, દિનેશભાઈ ઠાકોર અને આશાબેનને ઈજાગ્રસ્ત હાલતમાં દાખલ કરવામાં આવ્યા છે.

જે પૈકી દિનેશભાઈની હાલત ગંભીર જણાતા અમદાવાદ ટ્રાન્સફર કરવામાં આવ્યા છે. કાર મુકીને ચાલક ફરાર થઈ ગયો છે તેના વિરૂદ્ધ ચિલોડા પોલીસે ગુનો નોંધી શોધખોળ શરૂ કરી છે. ઉલ્લેખનીય છે કે આ અકસ્માતમાં રિક્ષા અને ડમ્પર પણ ગાડી સાથે અથડાયા હોવાનું જાણવા મળતા પોલીસે તે દિશામાં પણ તપાસ શરૂ કરી છે.

# છેલ્લા ૯ વર્ષથી નાસતો ફરતો છેતરપીંડીનો આરોપી ઝડપાયો

ગાંધીનગર, તા. ૨૨

નાસતા ફરતા આરોપીઓને લીસ્ટ આઉટ કરીને પકડી પાડવા માટે ગાંધીનગર એસ.પી.એ. એલ.સી.બી.માં એબ્સ્કોન્ડર સ્કવોર્ડની રચના કરી છે. આ સ્કવોર્ડે આજે વધુ એક વોન્ટેડ આરોપીને ઝડપી પાડ્યો છે. વેરાવળમાં જઈને ચીટીંગ કરી આવનાર ગાંધીનગરનો શખ્સ છેલ્લા ૯ વર્ષથી નાસતો ફરતો હતો. તેને પકડી પાડીને વેરાવળ પોલીસને સોંપવા તજવીજ શરૂ કરી છે.

ગાંધીનગર એલ.સી.બી. પી.આઈ. આશુતોષ પરમાર તથા તેમની એબ્સ્કોન્ડર સ્કવોર્ડના પી.એસ.આઈ. ઓ.એમ. દેસાઈની ટીમે બાતમીને આધારે સેક્ટર-૨૫ સુર્યનારાયણ સોસાયટી ખાતે રહેતા મુળ સરઢવ ગામના વોન્ટેડ બલદેવ ચંદુભાઈ પટેલ નામના શખ્સને પકડી પાડવામાં આવ્યો છે. ૯ વર્ષ પહેલા બળદેવે વેરાવલ સીટી પોલીસ સ્ટેશનની હદમાં વિશ્વાસઘાત કરી છેતરપીંડી આચર્યાની ફરયીદા તેના વિરૂદ્ધમાં દાખલ થઈ હતી. ત્યારથી આ શખ્સ નાસતો ફરતો હતો. સે. ૨૫માં છુપાયેલો રહેતો હોવાની જાણ થતા એલ.સી.બી.ની એબસ્કોન્ડર સ્કવોર્ડે તેને ઝડપી પાડીને વેરાવળ પોલીસને સોંપવા કાર્યવાહી શરૂ કરી છે.

# દહેગામમાં ઘેટા-બકરાની જેમ મુસાફરો ભરીને શટલીયા મારતા વાહન ચાલકો

## દહેગામ ખાતે ટ્રાફિક પોલીસની રહેમ નજર હેઠળ સી.સી.ટી.વી. કેમેરામાં કેદ થતી ઘેટા-બકરાની જેમ પેસેન્જરો ભરેલી શટલીયા જીપો

દહેગામ, તા. ૨૨

દહેગામ શહેરમાં સ્ટેટ હાઈવે-માર્ગો પરથી ઘેટા-બકરાંની જેમ મુસાફરો ભરેલ શટલીયા જીપોનાં છત પર પણ મુસાફરોને બેસાડી પુર ઝડપે દોડતી હોય છે.

મુસાફરો પણ પોતાનો જીવ દાવ પર મુકી નોકરી-ધંધાના સમય સાચવવા નિયમિત અવરજવર કરતાં હોય છે. અને આવા દશ્યો મુક બની ટ્રાફિક પોલીસના અધિકારી જોઈ રહ્યા હોય છે અને મૌન સેવે છે. આજ પોલીસકર્મીઓને શટલીયા જીપોનાં અકસ્માતની કાર્યવાહી કરવાનો અવસર વારંવાર આવે છે. ત્યારે પોતાની પરિસ્થિતિનું જરા પણ ભાન થતું નથી અને અકસ્માતમાં મોટા ભાગે ગરીબ મુસાફરોને જ મોતને ભેટે છે. જેમાં કોઈનો દીકરો, ભાઈ, પતિ વિગેરે હોય છે. જેમાં વાહન માલિક કે પોલીસનું કશું બગડતું નથી. આ અંગે જીપ ચાલકો સામે કાયદાકીય પગલાં ભરવામાં આવે તો ઘેટા-બકરાની જેમ મુસાફરો ભરાય નહિ.

આ બાતે પોલીસ જો કાયદેસરના પગલાં ભરેતો શટલીયા જીપ-રિક્ષા ચાલકો દ્વારા મહિને અપાતા હપ્તા બંધ થઈ જાય, એટલે પોલીસ સ્ટાફ નુકસાન થાય તેવું કામ શું કામ કરે, આવા અનેક કારણોથી પોલીસ જીપ રિક્ષા ચાલકોને કોઈ પણ પ્રકારની રોકટોક કરતી નથી અને આંખો આગળથી પસાર થતાં શટલીયા જીપો, રીક્ષાઓનાં ફેરાઓ મુક બની નોંધતી હોય છે.




(તસવીર : નિખિલ શાસ્ત્રી, દહેગામ)

# સેકટર-૬ સંસ્કાર ધામ ખાતે યુવતી પારાયણ યોજાઈ

ગાંધીનગર, તા.૨૨

બોચાસણવાસી શ્રી અક્ષર પુરુષોત્તમ સ્વામીનારાયણ સંસ્થા દ્વારા દર શ્રાવણ માસમાં યોજાતી યુવતી પારાયણનું આયોજન આ વર્ષે પણ કરવામાં આવ્યું હતું. વિશ્વ વંદનીય સંત પરમ પૂજય પ્રમુખ સ્વામી મહારાજની પ્રેરણાથી ગત તારીખ ૧૭, ૧૮, ૧૯ ઓગષ્ટના રોજ સેકટર-૬ના સંસ્થાના સંસ્કાર ધામ ખાતે પણ યુવતી પારાયણનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ત્રિદિવસીય પારાયણમાં અલગ અલગ સાંસ્કૃતિક કાર્યક્રમો યુવતીઓ દ્વારા કરવામાં આવ્યા હતા. જેમાં સંવાદ, નાટક, રાસ, ગરબા તેમજ અલગ અલગ વિષયો પર હરિફાઈનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્ષે આયોજીત પારાયણનો વિષય 'યોગી ચરિતમ્' રાખવામાં આવ્યો હતો. સંપૂર્ણ યુવતી પારાયણની સફળતા પાછળ દરેક યુવતી અને કાર્યકરોનું મહત્વનું યોગદાન રહ્યું હતું.

## ઉનાવા વિદ્યાર્થી આશ્રમમાં ઈનામ વિતરણ

વિદ્યાર્થી આશ્રમ ઉનાવા ખાતે તાજેતરમાં આચાર્ય ડી.કે. ચૌધરીના માર્ગદર્શન હેઠળ ૨૨મો ઈનામ વિતરણ સમારોહ યોજવામાં આવ્યો હતો. વિદ્યાર્થી આશ્રમ કેળવણી મંડળના ઉપપ્રમુખ જે.એસ. પટેલ, મંત્રી ચીનુભાઈ પટેલ, સહમંત્રી હરિભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ૬૦ કરતાં વધુ વિદ્યાર્થીઓને વક્તત્વ સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા, સાંસ્કૃતિ સ્પર્ધાના ઈનામ આપવામાં આવ્યા હતા. કાર્યક્રમનું આયોજન સંગીતાબેન પટેલે કર્યું હતું. આભાર વિધિ ઈન્દુમતીબેન પટેલે કરી હતી.

## આજે સુંદરકાંડના પાઠનું આયોજન

સુંદરકાંડના સંગીતમય પાઠનું સંજયભારતી ગોસ્વામીની વ્યાસપીઠે આજે તા. ૨૩મી ઓગષ્ટ-૨૦૧૩ને રાત્રે ૮ કલાકે બંગલા નં. ૭, દેવપ્રિત બંગલો, શ્રીજી રોડ, ચાંદખેડા ખાતે આયોજન કરવામાં આવ્યું છે. રામચરિત માનસ પંચમ સોપાનના સુંદરકાંડના સંગીતમય પાઠમાં સર્વે ભાવિક ભક્તજનોને પધારવા ખાસ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૩૦

સૂર્યાસ્ત : ૬.૫૯

## તાપમાન

મહત્તમ : ૩૨.૦ ડિ.સે.

લઘુત્તમ : ૨૫.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૪ ટકા ● સાંજે ૭૩ ટકા

## મનોરંજન

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

વન્સ અપૉન એ ટાઈમ ઈન મુંબઈ: ૧૦.૦૦, ૩.૪૫, ૯.૫૫

ટીનેઝર ગેંગ (ગુજરાતી): ૬.૪૫

: સ્ક્રીન-૨ :

મદ્રાસ કાફે: ૯.૩૦, ૧૨.૧૫, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

: સ્ક્રીન-૩ :

વન્સ અપૉન એ ટાઈમ ઈન મુંબઈ : ૧.૩૫

મદ્રાસ કાફે: ૧૦.૫૦, ૪.૪૫, ૭.૩૦, ૧૦.૧૫

: સ્ક્રીન-૪ :

ચેન્નાઈ એક્સપ્રેસ : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### સૂર્યા, વાવોલ

વન્સ અપૉન એ ટાઈમ ઈન મુંબઈ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

વોન્ટેડ ચાઈલ્ડ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

મદ્રાસ કાફે : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

ધ લાઈટ સ્વામી વિવેકાનંદ : ૧૦.૦૦, ૩.૦૦, ૫.૩૦

ટીનેઝર ગેંગ (ગુજરાતી) : ૧૨.૩૦, ૮.૦૦

: સ્ક્રીન-૩ :

વન્સ અપૉન એ ટાઈમ ઈન મુંબઈ : ૧૦.૧૫, ૪.૧૫, ૧૦.૧૫

ચેન્નાઈ એક્ષપ્રેસ : ૧.૧૫, ૭.૧૫

### ચિરાગ, કલોલ

મા બાપના આશીર્વાદ :૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### ટાઉન હોલ

- લોહાણા યુવા સંગઠન દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ રાત્રે ૯.૩૦ કલાકે.

### ધાર્મિક

- શ્રી શિવ-શક્તિ મહિમ્ન સ્રોત મંડળ સેકટર-૨૩, ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિતે મહાદેવ મંદિર, વિરાટનગર સોસાયટી જયોતેશ્વર મહાદેવનું મંદિર ખાતે શિવ મહિમ્ન પાઠ તથા સ્તુતિ વંદના.
- શ્રીમાળી બ્રાહ્મણ સમાજ, ગાંધીનગર દ્વારા શ્રાવણ માસ નિમિત્તે ભૂપેન્દ્રભાઈ દવેના નિવાસ સ્થાન ૨૯૩, વિભાગ-૨, ઊર્જાનગર, ખાતે શિવ મહિમ્ન પાઠ અને ભક્તિ વંદના.

### શૈક્ષણિક

- ગાંધીનગર શહેરની પ્રાથમિકશાળાઓનો વિજ્ઞાન મેળો પગાર કેન્દ્ર શાળા સેકટર-૬ ખાતે યોજાશે.
- ગાંધીનગર સેકટર-૨૩ ખાતે આવેલ કે.બી. ફાર્મસી કોલેજ દ્વારા બે દિવસીય એપોકૅસ્પેસ-૨૦૧૩ સ્પર્ધાનો પ્રારંભ.

## આપની આજ

**મેષ** : વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાયક યોગ. રોગ, ઋણ, શત્રુ સંબંધી કાર્યોમાં ખર્ચ, પ્રવાસનું આયોજન થશે.

**વૃષભ** : પર્યટન આમોદ-પ્રમોદના વિશિષ્ટ યોગ બની રહ્યો છે. કોર્ટ-કચેરીમાં વિજય મેળવી શકશો. શત્રુ પરાસ્ત થશે. વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સામાજિક ક્ષેત્રોથી મહત્વપૂર્ણ લાભ પ્રાપ્તિનો યોગ.

**મિથુન** : સામાજિક સમ્માન તમારી ચિંતાઓને દૂર કરશે. અવસર હિતકર થશે. બહુપ્રતીક્ષિત ઈચ્છાઓની પૂર્તિ થઈ શકશે. ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યો થઈ શકશે. આર્થિક કાર્યોમાં વિશેષ યાત્રા પ્રવાસ ગોઠવાશે.

**કર્ક** : ધાર્મિક કાર્યોમાં મન લાગશે. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી. સામાજિક ક્ષેત્રમાં પ્રતિષ્ઠામાં વધારો થશે. આર્થિક રોકાણ સમજ પૂર્વક કરવું.

**સિંહ** : વાહન સુખની પ્રાપ્તિ થઈ શકશે. સામાજિક કાર્યોમાં યશ અને સન્માનમાં વધારો થશે. વ્યાપાર સારો ચાલશે. આરોગ્ય તરફ બેદરકાર ન રહેવું. શત્રુ પરાસ્ત થશે, વિવાદિત કાર્યોમાં સફળતા પ્રાપ્તિનો વિશેષ યોગ.

**કન્યા** : સામાજિક સમસ્યાઓમાં સહયોગ કરવો પડશે. મિત્રો અને કુટુંબની સભ્યોનો સાથ સહકારથી કાર્યમાં પ્રગતિ થઈ શકશે. કૌટુંબિક સુખથી મન પ્રસન્ન રહેશે. વિનમ્રતા અને સામંજસ્યથી કામ કરવું પડશે.

**તુલા** : કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. તેને તેનું આયોજન થશે. ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધનો યોગ બને છે.

**વૃશ્ચિક** : સામાજિક કાર્યોથી યશ અને સન્માન પ્રાપ્ત થશે. આર્થિક ક્ષેત્રમાં સમસ્યાઓ ઉભી થવાની સંભાવનાઓ છે. નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. ખાનપાનમાં સંયમ રાખવું.ઉચ્ચસ્તરીય સન્માન પ્રાપ્ત થઈ શકે છે.

**ધન** : વિચારેલા કાર્ય આજે પૂર્ણ થઈ શકે છે. શારીરિક સુખ પ્રાપ્તિ થવાનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં માન-સન્માન, પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થઈ શકશે. સંચિત ધનમાં વૃદ્ધિ થવાની શકયતાઓ છે.

**મકર** : આપ પોતાની બુદ્ધિ બળે કાર્યમાં વૃદ્ધિ થઈ શકશે. શત્રુઓથી હાનિ થવાની સંભાવનાઓ છે. કાયદાકીય બાબતોમાં આપને સફળતા પ્રાપ્ત થઈ શકશે.

**કુંભ** : કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થવાની સંભાવના છે. જ્ઞાન શોધના કાર્યોમાં મન લાગશે. ધ્યાન, સમાધિ, ગુપ્ત જ્ઞાન સંબંધી કાર્ય થઈ શકશે. આર્થિકક્ષેત્રમાં સમસ્યાઓનો યોગ.

**મીન** : સંચિત ધન વૃદ્ધિનો યોગ. માનસિક શાંતિ જાળવી રાખવી. ઘરમાં મહેમાન આવી શકે છે. વ્યાપાર-વ્યવસાયમાં દિવસ મધ્યમ રહેશે. મિત્રોનો સહકાર મળી રહેશે.

## ચિરવિદાય

- સ્વ. કમલાબેન ઈશ્વરભાઈ પટેલ (ઉ.વ.૫૯) પ્લોટ નં. ૭૮૪/ ૨, જાગૃતિ પાર્ક, સેક્ટર-૩૦, ગાંધીનગર.
- સ્વ. આશાબેન હરકિશનભાઈ મહેતા (ઉ.વ.૪૯) પ્લોટ નં. ૭૭૧, સોમેશ્વર સોસાયટી, સેક્ટર-૨૭, ગાંધીનગર.
- સ્વ. વીણાબેન વાસુદેવભાઈ પંડયા (ઉ.વ.૭૨) પ્લોટ નં. ૪૫૫, ગોકુલ સોસાયટી, સેક્ટર-૮/બી, ગાંધીનગર.